**મે.ધોળકાના બીજા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ: ધોળકા.**

**<u>ક્રિમીનલ કેસ નં. ૧૬૯/૧૬</u>**

**આંક: ૧૪**

ફરિયાદી:- ધી સ્ટેટ ઓફ ગુજરાત

<u>:: વિરુધ્ધ ::</u>

આરોપી:- (૧) મારુતિ એગ્રો સેન્ટર,

ખોડીયાર કોમ્પલેક્ષ, ખેડા-બગદરા રોડ,

જવાબદાર શ્રી, જયપાલસિંહ દિલીપસિંહ વાઘેલા.

રહે, આંબલીયારા, તા.ધોળકા જી.અમદાવાદ.

(૨) ટ્રોપીકલ એગ્રોસીસ્ટમ (ઈ) પ્રા.લી.

૭૨, માર્શલ રોડ, ચોથો માળ, રાજા અન્નામલાઈ બિલ્ડીંગ, ચેન્નાઈ

જવાબદાર :શ્રી વિનોદ સતવારા,૪૬ પાલ્મ સ્પ્રિંગ કોમ્પલેક્ષ,પરીમલ

ગાર્ડન ચાર રસ્તા, એલીસબ્રીજ, અમદાવાદ.

**<u>આરોપ : -જંતુનાશક દવા અધીનીયમ ની કલમ ૧૭(૧)(એ)તથા ૧૮(૧)(સી)ના ભંગ બદલ. કલમ-૨૯-૧(ક) મુજબ શીક્ષા અંગે.</u>**

(૧)આજ રોજ ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી લેટર નંબર : GSLA/178/2018 થી સ્પેસીયલ સીટીગ નુ આયોજન કરવામા આવેલ અને ના.ડીસ્ટ્રીકટ કોર્ટના પત્ર ક્રમાક નં-DSLA/69/2018 મુજબ અત્રેની કોર્ટ ને સ્પેશીયલ સીટીગ અંગેની કોર્ટ તરીકે નીમણુક કરેલ છે.અને તે મુજબ સદર કેશ આજરોજ રાખેલ છે.

(૧.૧) આ કામના ફરીયાદી ખેતીવાડી અધીકારી ધોળકાનાઓએ આરોપીની સસ્થામા તા.૧૪/૬/૨૦૧૫ જંતુનાશક દવા અધીનીયમ–૧૯૬૮ હેઠળ તપાસ કરતા તપાસ દરમ્યાન આરોપીઓ એ ૧૯૬૮ ના જંતુનાશક દવા અધિનીયમ ૧૯૬૮ ની કલમ–૧૭(૧)એ તથા ૧૮(૧)સી અનુસાર આરોપીએ ખોટી બ્રાંડ વાળી જતુંનાશક દવા બનાવી/આયતકરી વેચાણ કરી છે એવુ મુલાકાત દરમ્યાન જાણ થતા આરોપીઓ એ જંતુનાશક દવાના અધિનીયમ ની કલમ ૨૯ ની અનુસાર શીક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેમની વીરુધ્ધ સદર ફરીયાદ અત્રેની કોર્ટમા કરેલ છે.

(૨) આરોપીની પ્લી આક–૩ થી ૪ થી નોધવામા આવેલ છે.જેમા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.અને આરોપી ગુનો કબુલ કરવા માગતા હોવાની પુરસીસ આક– ૧૩ થી ગુના કબુલાત પુરસીસ આપી તેની સામેનો ગુનો કબુલ કરવા રજુઆત કરેલ છે.કબુલાત પુરસીસ વંચાણે લેતા,તેમા જણાવેલ કારણો વંચાણે લેતા તેમજ આરોપીની મૌખીક રજુઆત ધ્યાને લેતા કુટુબમા માત્ર એક જ કમાનાર સભ્ત છે બાળ બચ્ચા વાળા ઈસમો હોવાનુ જણાઈ આવે છે અને ભવીસ્યમા બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે અને જો ઓછી સજા અને દંડ કરવામા આવે તો સમાજ મા માન મોભા ભર્યા સ્થાન થી જીવી સકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમા તેમને ઓછામા ઓછી સજા અને દંડ કરવો તે ન્યાયી અને ઉચીત માનુ છુ.

(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં– ૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો

જણાવેલ છે તે ઘ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ જંતુનાશક દવા અધિનીયમ–૧૯૬૮ ની કલમ–૧૭(૧)એ તથા ૧૮(૧)સી હેઠળ પ્રત્યેક આરોપીને રૂ/–૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) લેખે બંન્ને આરોપીઓ ને કુલ દંડ રૂા.૨૦,૦૦૦/– ભરવાનો હુકમ કરવામા આવે છે. આરોપીઓ જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ તેઓ ને ૧ મહીના ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **સ્પેશીયલ સીટીગ લોક અદાલત**માં ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**તારીખ:–૦૯/૦૩/૨૦૧૯** **( એચ.બી.શર્મા )**

સ્થળ: ધોળકા. **બીજા.એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ધોળકા.**

**Judge Code No-GJ01147**